# ગાંધીનગરમાં "બાલવાર્તા વર્ષ ઉજવણી સમિતિ"ની બેઠક યોજાઇ

ગિજુભાઇ બધેકાની ૧૩૮મી જન્મજયંતિ નિમિત્તે શિક્ષણમંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ ગિજુભાઈની સ્મૃતિમાં તેમના જન્મ દિવસ- ૧૫મી નવેમ્બરને "બાલવાર્તા દિન" તરીકે ઉજવવા તથા આ વર્ષને "બાલવાર્તા વર્ષ" તરીકે ઉજવવા માટેની જાહેરાત કરી હતી. જે અંતર્ગત આજે એસટીટીઆઇ, જીસીઈઆરટી કેમ્પસ, સેકટર ૧૨, ગાંધીનગર ખાતે શિક્ષણમંત્રીશ્રીની અધ્યક્ષતામાં "બાલવાર્તા વર્ષ ઉજવણી સમિતિ"ની એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતુ.

ગુજરાતમાં આશરે ૯૦ વર્ષ પહેલાં શ્રી ગીજુભાઇ બધેકા દ્વારા પૂર્વપ્રાથમિક તેમજ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે બાળકો માટે બાળ સાહિત્યનું શ્રેષ્ઠ કાર્ય કરવામાં આવ્યુ હતું. બાળકોમાં ભાષા કે વિચારો અસરકારક રીતે રજૂ કરવા માટેનું માધ્યમ વાર્તા છે એવુ તેમના પ્રયોગોથી સ્પષ્ટ થઈ ચૂક્યુ છે. ગીજુભાઈ બધેકા બાળ-કેળવણીકાર અને ગુજરાતી બાળસાહિત્યના સર્વપ્રથમ સમર્થ પુરસ્કર્તા છે. તેમણે વિપુલ માત્રામાં બાળસાહિત્ય આપ્યું છે તેથી જ કાકાસાહેબ કાલેલકરે તેમને 'બાળસાહિત્યના બ્રહ્મા' કહ્યા છે.

ગિજુભાઇ બધેકા દ્વારા બાલવાર્તા, બાલસાહિત્ય ઉપરાંત બાલ પદ્ધતિ શાસ્ત્ર, શિક્ષણશાસ્ત્ર ક્ષેત્રે કરવામાં આવેલ કાર્યો અને પ્રદાનના વ્યાપક પ્રચાર-પ્રસાર માટેના આયોજન અંગે આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. મંત્રીશ્રી દ્વારા રાજ્યના બાળકો, તેમના વાલીઓ, શિક્ષકો સુધી બાળકોને ઉપયોગી રસપ્રદ વાર્તાઓનું સર્જન, સંગ્રહ, તેનો પ્રસાર અને તેના ઉપયોગ માટેની વ્યૂહરચના તૈયાર કરવા માટે સમિતિને જણાવવામાં આવ્યું હતુ. તે ઉપરાંત આ તમામ બાબતોને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ની ભલામણોને સાથે સંકલન કરી અભ્યાસક્રમ સાથે જોડવા માટે સૂચન કર્યુ હતુ. આ વર્ષની ઉજવણી દરમિયાન બાળકોને તેમની ભાષામાં વૈવિધ્યસભર વાર્તાઓનો વારસો મળે અને તેમની પ્રારંભિક ભાષા કૌશલ્યોના સ્તરમાં વધારો થાય તેવા પ્રયાસો કરવામાં આવશે.

આ બેઠકમાં પદ્મશ્રી શાહબુદ્દિન રાઠોડ, જીસીઈઆરટીના પૂર્વ નિયામક ડૉ. નલીનભાઈ પંડિત, લોકભારતી સણોસરાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી અરૂણભાઈ દવે, જીસીઈઆરટી નિયામક શ્રી ડૉ. ટી. એસ. જોષી, શિક્ષણવિદ શ્રી સાંઈરામ દવે, ભારત સ્કાઉટ એન્ડ ગાઇડ શ્રી મનીષભાઈ મહેતા, ડૉ. તેજસભાઈ દોશી, આર્ષ વિદ્યામંદિર ભાવનગરના અધ્યક્ષ શ્રી મેહુલભાઈ પટેલ, ડૉ. વૈશાલીબેન શાહ, શ્રી એન. સી. સ્વામી, શ્રી રૂપેશ ભાટીયા, શ્રી અમિતભાઈ દવે સહિતના વિષય તજજ્ઞો ઉપસ્થિત રહ્યા હતા

# વાઈબ્રન્ટ સમિટને પગલે શહેરમાં નવા સાઈન બાર્ડસ પણ લાગશે

## તુટેલા અને કટાયેલા સાઇન બોર્ડસનુ સમારકામ કરી કલર કરાશે

ગાંધીનગર તા ૨૬

વાઈબ્રન્ટ સમિટના આયોજનમાં હાલ તંત્ર ગળાડુબ બન્યુ છે. નગરમાં માર્ગ સુધારણા, ફુટપાથ અને સેન્ટ્રલ વર્જને આકર્ષક બનાવવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી છે આ ઉપરાંત સ્ટ્રીટ લાઈટના કટાયેલા થાંભલાને પણ કલરકામ કરવામાં આવી રહ્યુ છે. જયારે શહેરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નવા સાઈન બોર્ડસ પણ મુકવામાં આવશે આ ઉપરાંત તુટી ગયેલા અને કટાયેલા સાઈન બોર્ડસનુ પણ રીપેરીંગ અને કલરકામ હાથ ધરાશે.

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટના ઓવારણા લેવા માટે તંત્ર કામે લાગ્યુ છે. નગરના માર્ગો, ફુટપાથ, સેન્ટ્રલ વર્જ, સ્ટ્રીટ લાઈટ તેમજ સાઈન બોર્ડસને સોહામણાં બનાવવા માટે તબક્કાવાર કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. વાઈબ્રન્ટને અનુલક્ષી મહાત્મા મંદિર તેમજ એકઝિબ્યુશન સેન્ટર આસપાસના વિસ્તારમાં પણ સમારકામ ચાલી રહ્યુ છે. વૃક્ષોને ટ્રીમીંગ તેમજ માર્ગ સુધારણાના કામો પણ યુધ્ધના ધોરણે હાથ ધરવામાં આવી રહ્યા છે. વાઈબ્રન્ટ સમિટમાં નગરમાં દેશ વિદેશના મહાનુભાવો મહેમાન બનવાના છે. જયારે સમિટ દરમિયાન નગરને દુલ્હનની જેમ શણગારવા માટે તોતિંગ ખર્ચ કરવાનુ પણ આયોજન કરાયુ છે.

શહેરમાં સ્ટ્રીટ લાઈટના કટાયેલા થાંભલાને કલરકામ કરી ખુલ્લા હોય તેવા કિસ્સામાં ઢાંકણ પણ લગાવામાં આવશે. આ ઉપરાંત બંધ લાઈટો પણ અજવાળુ પાથરતી થઇ જશે. જયારે વર્ષો અગાઉ વાઈબ્રન્ટ સમિટ દરમિયાન લાખોના ખર્ચે સાઈન બોર્ડસ પણ નવા મુકવામાં આવ્યા હતા. જયારે નગરના પ્રવેશદ્વાર પાસે ગેન્ટ્રી પણ તૈયાર કરાઇ હતી જયારે હવે લાંબા સમયના અંતે કેટલાક ઠેકાણે બોર્ડસ તુટી ગયા છે.

જયારે કલર પણ ઉખડી ગયો છે. આ સ્થિતિને અનુલક્ષી સાઈન બોર્ડસ મામલે તંત્રએ સર્વે હાથ ધર્યા છે. જયારે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન તુટેલા તેમજ કટાયેલા સાઈન બોર્ડસને પણ યોગ્ય કરવામાં આવશે. જરૂર હોય તેવા ઠેકાણે સાઈનબોર્ડસને કલર પણ કરાશે જયારે વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી કેટલાક ઠેકાણે નવા સાઈન બોર્ડસ પણ મુકવામાં આવશે. વર્ષો અગાઉ મુકવામાં આવેલા સાઈન બોર્ડસની કામગીરીમાં અગાઉ ભગો ચિતરાયો હતો. કેટલાક ઠેકાણે દિશા સુચક સાઈન બોર્ડસ જ રાહદારીઆને ગેર માર્ગો દોરે તેવી સ્થિતિ સર્જાઇ હતી જો કે તંત્રએ આખરે આ બોર્ડસને યોગ્ય દિશામાં લગાવાનુ કામ કરી ભુલ સુધારી દીધી હતી.

# વોર્ડના નાગરિકોની રજુઆતો સાંભળવા ડેપ્યુટી મેયરે વાવોલમાં કાર્યાલય શરુ કર્યુ

**વોર્ડ નં.૭ના વાવોલમાં સિદ્ધનાથ મહાદેવના મંદિર પાસેના કાર્યાલયે પ્રેમલસિંહ ગોલ સોમથી શનિ દરરોજ સવારે ૮ થી ૧૦ હાજર રહેશે : કાર્યાલયથી નાગરિકોના અગત્યના દસ્તાવેજી કાર્યો અંગે જરૂરી માર્ગદર્શન-મદદ પણ અપાશે**

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર મહાનગર પાલિકામાં નવી ચુંટાયેલા જનપ્રતિનીધીઓએ વહીવટ સંભાળી લીધો છે અને સત્તાધીશોએ પોતાના વોર્ડમાં નાગરિકોને પ્રાથમિક સુવિધાઓ તેમજ દસ્તાવેજી કાર્યો અંગે પડતી મુશ્કેલી અને મુંઝવણોને લગતી રજુઆતો માટે વિશેષ કાળજી રાખવાની નીતિ અપનાવી હોય તેવું સ્પષ્ટ જણાઇ આવે છે. શહેરના વોર્ડ નં.૭ કોલવડા-વાવોલમાંથી ચુંટાયેલા અને ડેપ્યુટી મેયર તરીકે પસંદગી પામેલા પ્રેમલસિંહ ગોલ દ્વારા તેમના વોર્ડના નાગરિકો તેમને મળીને રૂબરૂ રજુઆત કરી શકે તે હેતુથી વાવોલમાં સિદ્ધનાથ મહાદેવના મંદિર પાસે પોતાનું કાર્યાલય શરૂ કરવામાં આવ્યું છે જ્યાં તેઓ દરરોજ સોમવારથી શનિવાર સવારે ૮ થી ૧૦ વાગ્યા દરમ્યાન મળશે.

અત્યારના સમયમાં રાજકારણીઓ અંગે એવી છાપ છે કે ચુંટણી પહેલાં જે નેતાઓ મતદારો પાસે મત માંગવા હાથ જોડતાં જાય છે તે નેતા એકવાર ચુંટાય પછી ફરી પાંચ વર્ષ સુધી મતદારોને પોતાનો ચહેરો દેખાડતા નથી. જોકે ગાંધીનગરને મળેલા નવનિયુકત ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ એક નવો ચીલો ચાતરી રહ્યાં છે. વોર્ડ નં. ૭ જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના નવા સિમાંકન અનુસાર સમાવિષ્ટ પામેલા વાવોલ અને કોલવડામાં અનેક પ્રકારની પાયાની સુવિધાઓ અંગે સમસ્યાઓ જોવા મળી રહી છે. પહેલીવાર મહાનગર પાલિકાનો હિસ્સો બનેલા વાવોલ-કોલવડામાં પાયાની સુવિધાઓ જેવી કે પાણી, રસ્તા, ગટર, સ્ટ્રીટ લાઈટ, જાહેર સાફસફાઈ વગેરે અંગે નાગરિકોને જ્યાં રજુઆત કરવા જવું તે અવઢવ સતાવી રહી છે. વળી, તેમને અગત્યના દસ્તાવેજી કાર્યો જેવા કે મતદાતા ઓળખકાર્ડ, આધાર કાર્ડ, રેશન કાર્ડ, બીપીએલ કાર્ડ, મા અમૃતમ કાર્ડ, આવકનો દાખલો, જાતિ પ્રમાણપત્ર સહિત અનેક બાબતે માર્ગદર્શન લેવા માટે પણ છેક ગાંધીનગર મહાનગરપાલિકા કે કલેક્ટર કચેરી સુધી લાંબા થવું પડે છે. આ બધી રજુઆત તેઓ પોતાના વોર્ડમાં જ કરી શકે અને વોર્ડના નગરસેવકને જે હવે શહેરના ડેપ્યુટી મેયર પણ છે તેમને સરળતાથી મળીને પોતાની સમસ્યાઓ અંગે રજુઆત કરી શકે તે માટે પ્રેમલસિંહ ગોલ દ્વારા વાવોલ ખાતે જ પોતાનું અંગત કાર્યાલય શરૂ કરી દેવામાં આવ્યું છે. આ કાર્યાલય વાવોલના તળાવ પાસે સિદ્ધનાથ મહાદેવના મંદિર પાસે શરૂ કરવામાં આવ્યું છે જ્યાં ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ જાતે સોમવારથી શનિવાર દરરોજ સવારે ૮ થી ૧૦ કલાક દરમ્યાન અચૂક હાજર રહી વોર્ડના સ્થાનિક નાગરિકોને મળશે અને તેમની રજુઆતો સાંભળશે. આ સાથે તેમના કાર્યાલય ખાતેથી નાગરિકોને તેમના કાર્યો માટે જરૂરી માર્ગદર્શન અને મદદ પણ પુરી પાડવામાં આવશે જેથી નાગરિકોના પ્રશ્નોને ઝડપથી ઉકેલી શકાશે અને તેમની સમસ્યાઓને હલ કરવાનો યોગ્ય પ્રયાસ કરી શકાશે તેવું પ્રેમલસિંહ ગોલે જણાવ્યું હતું.






સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કલ્યાણ માટેની સમિતિના ચેરમેન ઠાકોર શંભુજી તથા સમિતિનાં સભ્યોએ જિલ્લા પુરવઠા પોરબંદર ખાતે રેશનકાર્ડ ધારકોને મળતા અન્ન અને પુરવઠા અંતર્ગત જાતે રૂબરૂ રેશનકાર્ડની દુકાને ઓચિંતી મુલાકાત લીધી જેમાં સમિતિના સભ્યો અને અધિકારીઓ હાજર રહ્યા હતા અને માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.

# આજથી સળંગ બે દિવસ ખાસ મતદાર યાદી સુધારણા અભિયાન

ગાંધીનગર, તા. ૨૬

મતદાર યાદી સુધારણા અભિયાનના હવે ૪ દિવસ બાકી છે. આજે અને રવિવારે એમ બે સળંગ દિવસ આ અભિયાનની ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

૧લી નવેમ્બરથી ચૂંટણી પંચે હાથ ધરેલ મતદાર યાદી સુધારણા ઝુંબેશ ૩૦ નવેમ્બરે પૂર્ણ થશે. જિલ્લા ચૂંટણીતંત્રને આ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં ૩૦ હજાર જેટલી અરજીઓ મળી છે.

જિલ્લા ચૂંટણીતંત્રને મળેલ અરજીઓ પૈકી ૨૦ હજાર અરજીઓ નવા નામ દાખલ કરવા માટેની મળી છે. સૌથી વધુ અરજીઓ ગાંધીનગર(દ) વિધાનસભા મત વિસ્તારમાંથી મળી આવી છે. આજની આ ખાસ ઝુંબેશ દરમ્યાન ૧૦ થી ૫ મતદાન મથક પર બુથ લેવલ ઓફિસર સમક્ષ નામ દાખલ કરવા, કમી કરવા તેમજ સુધારા-વધારા માટે રજુ કરી શકાશે. ખાસ ઝુંબેશ અભિયાનમાં યુવાઓ વધુ રસ દાખવે તે માટે તંત્રએ આ વેળાએ પણ બ્રાન્ડ એમ્બેસેડરો સહિતના યુવા સંગઠ્નો તેમજ રાજકીય પક્ષોના આગેવાનોને પણ અપીલ કરી છે. આ ઝુંબેશ દરમ્યાન ઓનલાઈન અરજીઓ વધુ મળી હોવાનું જાણવા મળેલ છે.

# વોડાફોન આઈડીયાએ નોકીયા સાથે ગાંધીનગરમાં ૫ જી ટેકનોલોજીની રેન્જ પ્રદર્શિત કરી

## નવીન ૫ જી ટેકનોલોજીના ઉપયોગના આધારે વ્યવસાય ઉદ્યોગો અને વિકાસને વેગ મળશે

વી એ અને નોકિયાએ ગાંધીનગરના ગ્રામિણ વિસ્તારોમાં બ્રોડબેન્ડ જોડાણ પ્રદાન કરવા માટે ૫ જી પરીક્ષણો હાથ ધર્યા છે. જયારે આ માટે ૧૭.૧ કીલોમીટરના વિસ્તારમાં ૫ જી જોડાણ સફળતાપુર્વક પ્રદાન કર્યુ છે. જયારે ૧૦૦ એમ બી પીએસથી વધુ સ્પીડનો પણ આ ટેકનોલોજીમાં સમાવેશ થાય છે. આ સ્પીડ અદ્યતન ઉપકરણો સાથે હાંસલ કરવામાં આવી હોવાનુ પણ કંપનીના અગ્રણીઓએ જણાંવ્યુ છે.

આ મામલે વી આઈ ના માર્કેટીંગ ફેકલ્ટીના વિવેક જૈને જણાંવ્યુ હતુ કે દેશ દુનિયામાં ફાઈવ જી ટેકનોલોજી વિશે ઘણાં સમયથી વાતો થાય છે. જયારે ફોર જી ના લીધે દેશમાં સો કરડોથી વધુ નાગરિકાને કવર કરી લેવાયા છે. જેના લીધે વોડાફોન આઈડીયા લીમીટેડને ગત વર્ષે એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો. પેન્ડેમિકના કાળમાં આમ પણ સોશિયલ મીડીયાનો ઉપયોગ વધ્યો છે. જયારે પી એમના ડીઝીટલ ઈન્ડીયાના અભિગમના લીધે પણ ટેકનોલોજીના ઉપયોગનો વ્યાપ વધ્યો છે. આગામી દિવસોમાં ૫ જી ટેકનોલોજીના લીધે દેશના છેવાડાના ગામમાં પણ વિદ્યાર્થીઓને લાભ મળશે. દર એક દાયકામાં નવી ટેકનોલોજી આવે છે. જયારે હવે ૫ જી ટેકનોલોજીના લીધે મશીન કોમ્યુનિકેશન અલબત્ત બધા ડીવાઈસ જોડી તેનો વિશેષ ઉપયોગ પણ થઈ શકશે. ગાંધીનગર અને પુનામાં કંપનીને સરકારે આ ૫ જી ટેકનોલોજીના વિવિધ પરીક્ષણ કે ટ્રાયલ માટે મંજુરી આપી છે. જેના આધારે ઉનાવા અને માણસામાં સાઈટ તૈયાર કરી પ્રકીયા હાથ ધરાઈ છે. જેમાં વોડાફોન આઈડીયા નોકીયા સાથે મળીને કામ કરે છે. દેશમાં આગામી વર્ષમાં ૫ જી કાર્યરત થશે. ગાંધીનગરમાં સરકારે ફાળવેલા ૫ જી સ્પેકટ્રમ પર પરીક્ષણના ભાગરૂપે ૫ જી ટેકનોલોજી સોલ્યુશન આધારિત ગ્રાહકની રેન્જ પ્રદર્શિત કરી હતી. જેમાં આજે લીલા હોટલ ખાતે વી અને નોકિયાના સંયુક્ત ઉપક્રમે વિશિષ્ટ રીતે ગ્રાહકો માટે લાભદાયી ટેકનોલોજીના રિયલ ટાઈમ કલાઉડ ગેમિંગ, ૫ જી પાવર્ડ ઈન્ટેલિજન્ટ વિડિયો સર્વેલન્સ તેમજ આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સના અનુભવો પણ તાદ્રશ્ય કર્યા હતા. કંપનીએ નોકીયા ટેકનોલોજી લીડર સાથે જોડાણ કરી દેશમાં ઉદ્યોગ સાહસો અને ગ્રાહકો માટે બહોળી રેન્જ વિકસાવી છે. જેના અંતે ૫ જી ટેકનોલોજીના માધ્યમથી વ્યવસાયની કામગીરીનો વ્યાપ વધારી વિકાસને પણ વેગ આપી શકાય તેમ પણ પુરવાર થયુ છે. વોડાફોન ઈન્ડિયાના એમ ડી અને સીઈઓ રવિન્દર ટક્કરે આ તબક્કે જણાંવ્યુ હતુ કે કંપની પાંચમી પેઢીના વાયરલેસ મોબાઈલ કોમ્યુનિકેશન ટેકનોલોજીની સફર ખેડવા દેશને તૈયાર કરી રહી છે. ભારતમાં ટેકનોલોજીનો નવો યુગ શરૂ થઈ રહ્યો છે જયારે ૫ જીનુ ભવિષ્ય પણ ઉજ્જવળ છે. જયારે નોકિયાના સિનિયર વાઈસ પ્રેસિડન્ટ અને ભારતીય બજારના હેડ સંજય મલિકે જણાંવ્યુ હતુ કે છેલ્લા બે દાયકાથી વધુ સમય થી મજબુત સંબંધો સાથે નોકીયા વોડાફોન આઈડીયા સાથે ગાંધીનગરમાં ૫ જી પરીક્ષણોને ટેકો આપવાની ખુશી છે.

# બી.આર.સી. ભવન સે. ૧૨ ખાતે રાજ્યકક્ષાનો કલા ઉત્સવ

ગાંધીનગર, તા. ૨૬

રાજ્યકક્ષાનો કલા ઉત્સવ ગાંધીનગર સે. ૧૨ સ્થિત બી.આર. સી. ભવન ખાતે શરૂ થયો છે.

૧૦ જેટલી વિવિધ સ્પર્ધાઓમાં રાજ્યકક્ષાએ ભાગ લેવા વિદ્યાર્થીઓ આવી પહોંચ્યા છે. ૨૫ થી ૧ ડિસેમ્બર સુધી યોજાનાર આ કલા ઉત્સવમાં ૪ સ્પર્ધાઓ આજ સુધીમાં સંપન્ન થઈ ચુકી છે.

મળતી વિગતો પ્રમાણે શાસ્ત્રીય કંઠ્ય સંગીત, કંઠ્ય સંગીત, વાદ્યસંગીતની ચાર સ્પર્ધાઓ સંપન્ન થઈ ચુકી છે. ૨૯મીએ હવે શાસ્ત્રીય નૃત્ય, લોક નૃત્યોની સ્પર્ધા થશે. જયારે ૩૦ અને ૧લી ડિસેમ્બરના રોજ વિઝ્યુઅલ આર્ટ (૨ ડ્ઢ અને ૩ ડ્ઢ) તેમજ દેશી રમકડા અને રમતો અંગે રાજ્યકક્ષાની સ્પર્ધાઓ યોજાશે.

રાજ્યકક્ષાનો આ કલા ઉત્સવ પૂર્ણ થયા બાદ પ્રથમ ક્રમે આવેલા કલાકારો તેમની કલા નેશનલ લેવલ પર રજુ કરશે. રાષ્ટ્રીય સ્તરનો કલા ઉત્સવ પણ ડિસેમ્બરમાં જ યોજાઈ શકે છે તેવા સંકેતો મળ્યા છે.

# શહેરના પૂર્વ ડે.મેયર નાઝાભાઈ દ્વારા મકવાણા પરિવારને ૨૧ હજારની સહાય

ગાંધીનગર,તા.૨૬

શહેરના સેકટર-૮ કાચા છાપરા ખાતે રહેતા પિતા-પુત્ર એકટીવા લઈને ઈન્દ્રોડા ગામે શાકભાજી લેવા માટે જઈ રહ્યા હતા. તે સમયે સરીતા ઉદ્યાન પાસે અજાણ્યા વાહનની ટકકરે પિતા-પુત્ર ઉછળીને નીચે પટકાયા હતા. જેમાં બંન્ને શરીરે તેમજ માથાના ભાગે ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. જયાં દિકરાનું સારવાર દરમિયાન મૃત્યું થયું હતું. જયારે હરેશભાઈને પ્રાથમિક સારવાર બાદ અમદાવાદ ખાતે લઈ જઈ રહ્યા હતા. ત્યારે માર્ગમાં જ તેમનું મૃત્યું નિપજયું હતું. અકસ્માતમાં બાપ દિકરાના મૃત્યુને પગલે પરિવાર પર આભ તુટી પડ્યું હતું. ત્યારે આ ઘટનાની જાણ શહેરના પૂર્વ ડે.મેયર નાઝાભાઈ ધાંધરને મળતા તેમણે સીસીટીવી ફુટેજ અને ઉચ્ચ અધિકારીઓ સાથે વાતચીત કરીને ગાડી ચાલક સુધીની ભાળ મેળવી હતી. ત્યારે મૃતકના ઘરે બેસણુ રાખવામાં આવેલ હતું. આ બેસણામાં પૂર્વ ડે.મેયર અને સેવાભાવી નાઝાભાઈ રૂબરૂ જઈને મકવાણા પરિવારના સભ્યોને રૂ.૨૧ હજારનો ચેક અર્પણ કર્યો હતો. જયારે પરિવારના સભ્યોને તેઓએ સાંત્વના પાઠવી હતી.



# ભારતે મહાસત્તા નહીં પરંતુ વિશ્વ ગુરુ બનવા માટે પ્રતિબદ્ધ રહેવું જોઈએ : ડૉ. મોહન ભાગવત

અમદાવાદ/નવી દિલ્હી, તા. ૨૬

ભારત વિકાસ પરિષદ દ્વારા ડૉ. સુરજ પ્રકાશ જન્મ શતાબ્દી સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન વક્તા તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવત ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ તેમના વક્તવ્ય દરમિયાન કહ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં સંતુલન માટે વિશ્વને ભારતની જરૂરિયાત છે અને એક પરિવાર બનાવવા માટે ભારત દરેક અન્ય દેશને માર્ગદર્શન આપી શકે છે.

સમગ્ર વિશ્વને એક તાંતણે જોડવા માટે 'આત્મિયતા કા વિકાસપ.આ જ ભારત છે.હ્ર મંત્ર દરેકએ અપનાવવો આવશ્યક છે.

તેઓએ મહાસત્તાઓને લઈને કહ્યું હતું કે, જે દેશો મહાસત્તા રહ્યા છે તેઓએ માત્રને માત્ર વિશ્વ પર પ્રભુત્વ જમાવીને પોતાના જ અંગત હિતોને પૂરા કર્યા છે.

ભારત તે પ્રકારના દેશમાંથી નથી. ભારતના અસ્તિત્વ પાછળનું એક ચોક્કસ કારણ છે. અનેક હુમલાઓ છતાં અમે હિન્દુસ્તાન છીએ. વિશ્વમાં સંતુલન માટે અમારી આવશ્યકતા છે. અમે મહાશક્તિ નથી બની રહ્યા. મહાસત્તાઓ હતી. આપણે વિશ્વગુરુ બનવાની જરૂર છે.

અનુકૂળતામાં અહંકારથી દૂર રહેવાની ચિંતા કરવી અનિવાર્ય છે. સુવિધા વધે છે અને કાર્ય માટે સુવિધા હોય છે. સુવિધાની ખરાબ આદત એ છે કે સુવિધા માણસને સુવિધાભોગી બનાવે છે. આપણા જેવા લોકો સમાજમાં ટ્રેન્ડ સેટર્સ હોય છે. સમાજનો નિયમ છે. જે મોટા લોકો છે, શ્રેષ્ઠ છે તે લોકો જેવું આચરણ કરે છે તેવું આચરણ અન્ય લોકો કરે છે. તે જેવું સ્ટાન્ડર્ડ બનાવે છે તેને લોકો ફોલો કરે છે.




# આદર્શ અમદાવાદ દ્વારા 'મનુષ્ય રક્ત' પર સેમીનાર યોજાયો

આદર્શ અમદાવાદ સંસ્થાના માધ્યમથી જ્યોતિ સંઘ નવા વાડજ ખાતે મનુષ્ય રક્ત વિષય પર શૈક્ષણિક સેમીનાર યોજાયો હતો. આ કાર્યક્રમના મુખ્ય પ્રવક્તા અને આમંત્રિત તરીકે ખોરાક અને ઔષધ નિયમન તંત્રના નિવૃત્ત નાયબ કમિશનર અનિલ કક્કડ ઉપસ્થિત રહ્યા હતા. જેમણે ઉપસ્થિત મહિલાઓ, વિદ્યાર્થીનીઓ અને સ્ટાફની હાજરીમાં મનુષ્યના શરીરમાં લોહીની મહત્વની કામગીરીઓ, શરીરમાં લોહીનું પ્રમાણ, હિમોગ્લોબિન, લોહીના ઘટકો, રોગ પ્રતિકારક કાર્યવાહી, લોહીના ચાર પ્રકારો, થેલેસેમિયા જેવા આનુવાંશિક રોગો વિગેરે મુદ્દાઓ ઉપર સરળ રીતે દાખલાઓ અને ઉદાહરણો સહિત પ્રાથમિક વિગતો સરળ ભાષામાં રજૂ કરી હતી.

## બ્લેક ફ્રાઈડે

અનુસંધાન પહેલાનું ચાલુ

ટાટા સ્ટીલ, મારૂતી અને ઈન્ડસઈન્ડબેંક લાલ નિશાનમાં બંધ થયા છે. શુક્રવારે સેન્સેક્સ-નિફ્ટીની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. બીએસઈનો મુખ્ય સૂચકાંક ૫૪૧ પોઈન્ટ ઘટીને ૫૮,૨૫૪ પર ખુલ્યો હતો. બપોરે ૨:૦૦ વાગ્યે ૧૫૦૦ કરતાં વધુ પોઈન્ટનો ડાઈન થયો હતો. શરૂઆતના કારોબારમાં ૩૦ શેરોના ઈન્ડેક્સમાં ટાટા સ્ટીલ, ઈન્ડસઈન્ડ બેંક સહિત ૩ શેરોમાં ૫ ટકાથી વધુનો ઘટાડો નોંધાયો હતો. મારુતિ સહિત બાકીના શેરમાં ૪ ટકાથી વધુનો ઘટાડો થયો હતો. બીજી તરફ નિફ્ટી પણ ૪૬૦ પોઈન્ટ ઘટીને ટ્રેડ થઈ રહ્યો હતો. ૧૯ ઓક્ટોબરે સેન્સેક્સે ૬૨૦૦૦ ની ઉપર ઓલ ટાઈમ હાઈ બનાવ્યો હતો. તે તારીખથી બજાર ૮ ટકા તૂટ્યું છે. અત્યાર સુધીમાં રોકાણકારોના ૧૪ લાખ કરોડ રૂપિયા ડૂબી ગયા છે.

શેર ઈન્ડિયાના વીપી ડૉ. રવિ સિંઘના જણાવ્યા અનુસાર, કોવિડની પુનઃસ્થાપનાના ડરને કારણે એશિયન બજારોમાં ઘણું વેચાણ થઈ રહ્યું છે. દક્ષિણ આફ્રિકામાં કોરોનાનું એક નવું સ્વરૂપ મળી આવ્યું છે. આ કારણે સમગ્ર વિશ્વમાં નવા નિયંત્રણો લાગુ થવાની સંભાવના છે. સિંહના જણાવ્યા અનુસાર, વિશ્વના ઘણા દેશો હજુ પણ એક પછી એક મોંઘવારીનો સામનો કરી રહ્યા છે અને જો લોકડાઉન નવેસરથી લાગુ કરવામાં આવશે તો વૈશ્વિક અર્થવ્યવસ્થામાં રિકવરીના પ્રયાસો નિરર્થક થઈ જશે. સિંઘના મતે એફઆઈઆઈને નિફ્ટી કરતા વધુ સારું વળતર મળ્યું છે. ગયા વર્ષે આવો માહોલ નહોતો. વર્ષ પૂરા થવા સાથે, એફઆઈઆઈ અને રિટેલ ઈન્વેસ્ટમેન્ટ સ્ટાર્સ તેમની સ્થિતિ ઓછી કરી રહ્યા છે. જેના કારણે પ્રોફિટ-બુકિંગનો સમયગાળો શરૂ થયો છે. નિફ્ટીને ૧૬૮૦૦ના સ્તરે સપોર્ટ મળશે જ્યારે સેન્સેક્સ ૫૫૦૦૦ના સ્તરને સ્પર્શશે. ગુરુવારે સવારે બજાર ઘટ્યા પછી, સેન્સેક્સ તેના બંધ સમયે સુધર્યો હતો અને ૪૫૪ પોઈન્ટના ઉછાળા સાથે ૫૮,૭૯૫ પર બંધ થયો હતો. સેન્સેક્સ પેકમાં ઈન્ડસઈન્ડ બેંક સૌથી વધુ ઘટયો હતો, જેના શેર ૧ ટકાથી વધુ તૂટ્યા હતા.

## બંધારણ દિવસ... અનુસંધાન પહેલાનું ચાલુ

વડાપ્રધાને નામ લીધા વગર જ કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું કે, આ કાર્યક્રમ દિલ્હીની કોઈ સરકારે કે કોઈ વડાપ્રધાને નહોતો યોજ્યો. આ કાર્યક્રમનું આયોજન લોકસભાના સ્પીકરે કર્યું હતું જે સદનના ગૌરવ સમાન ગણાય છે. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જયંતિ હતી. અમને બધાને લાગ્યું કે, આનાથી મોટો પવિત્ર અવસર કયો હોઈ શકે કે બાબાસાહેબ આંબેડકરે આપણા દેશને જે નજરીયો આપ્યો છે તેને હંમેશા આપણે એક સ્મૃતિ ગ્રંથ તરીકે યાદ કરીએ છીએ. આ દિવસ આ સદનને પ્રણામ કરવાનો છે. વડાપ્રધાને કહ્યું કે, આજે બાપુ, બાબાસાહેબ આંબેડકર, ડોક્ટર રાજેન્દ્ર પ્રસાદ જેવા દૂરંદેશી મહાનુભવોને નમન કરવાનો દિવસ છે. આઝાદીના આંદોલનમાં પોતાનો જીવ ગુમાવનારાઓને નમન કરવાનો દિવસ છે. હુમલાને પણ યાદ કર્યો હતો અને કહ્યું કે, આજના દિવસે આપણા માટે એવો દુખદ દિવસ પણ છે જ્યારે દુશ્મનોએ મુંબઈ ખાતે આતંકવાદી ઘટનાને અંજામ આપ્યો હતો.

## મોસમ જામતી નથી... અનુસંધાન છેલ્લાનું ચાલુ

અહેસાસ થાય છે. બેવડીઋતુની અસર વચ્ચે ઠંડીની મોસમ મોશનમાં આવતી નથી જેના લીધે વાતાવરણથી જન આરોગ્ય પ્રભાવિત છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં પણ સતત ચઢ ઉતર વચ્ચે તફાવત પણ વિશેષ જોવા મળે છે. વહેલી સવારે ગરમ કપડામાં લપેટાયેલા રહેતા નગરજનોને દિવસે એ સી ઓન કરવાની ફરજ પણ પડે છે.